રજૂ તારીખ : ૨૮–૦૨–૨૦૨૬

દાખલ તારીખ: ૨૮–૦૨–૨૦૨૬

ફેંસલ તારીખ : ૦૯–૦૪–૨૦૨૬

| અવધી : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૧ | ૧૧ |

---

## ભાવનગરના મહે. ત્રીજા એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.

---

**<u>પરચુરણ ફોજદારી અરજી નં.૪૧૨/૨૦૨૬</u>**

આંક : ૦૫

**અરજદાર :** **ગોહીલ વિશાલ દિનેશભાઈ,**
ઉ.વ.આ.૨૩, ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે. ગામ કરકોલીયા વાડી વિસ્તાર, તા.શિહોર,
જી.ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા અરજી.**

અરજદાર તરફે વિ.વ.શ્રી પી.પી.જાડેજા.
સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

**<u>–: ચુ કા દો :–</u>**

**(૧)** અરજી વંચાણે લીધી. હાલના અરજદારે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૫૦૩૭૯/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ ૭૨(૧), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૨, ૬૪(૨)(એફ), ૬૪(૨)(આઈ) તથા

પોકસો એકટ કલમ ૪, ૬ (સ્પે. (પોકસો) કેસ નં.૮૭/૨૦૨૫) મુજબના ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટોરોલા એઈઝ ૫૦ મોબાઈલ અરજીમાં જણાવેલ કારણોસર વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે તથા અરજદાર તરફે અરજીમાં જણાવેલ વિગતે મૌખિક રજૂઆત પણ કરેલ છે.

(૨) અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રીની રજુઆત છે કે, સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૫૦૩૭૯/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ ૭૨(૧), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૨, ૬૪(૨)(એફ), ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટ કલમ ૪, ૬ (સ્પે. (પોકસો) કેસ નં.૮૭/૨૦૨૫) મુજબના ગુન્હાના કામે મુદ્દામાલ મોટોરોલા એઈઝ ૫૦ કબજે કરવામાં આવેલ છે. જે અરજદારની માલિકીનો છે. આ મુદ્દામાલ મોબાઈલ અરજદારના રોજબરોજનુ ઉપયોગી સાધન છે, અરજદાર તરફે સદર મોબાઈલની માલિકી અંગે આંક-૩ ના લીસ્ટથી અરજદારનું આધારકાર્ડ તથા મોબાઈલનું બિલ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં, અરજદારની માલિકી પુરવાર થાય છે. સદર મુદ્દામાલ હાલ પોલીસ સ્ટેશનમાં નોન યુઝ આર્ટીકલ તરીકે પડી રહેલ છે, જો લાંબો સમય સુધી પડયુ રહે તો તેના બોડી, બેટરી તથા વિવિધ પાર્ટસ બગડી જાય તેમ છે અને અરજદારને નુકશાન થાય તેમ છે, સદરહુ મોબાઈલ તેમના રોજબરોજના ઉપયોગનું સાધન છે. અરજદાર સદરહુ મોબાઈલ વિના પારાવાર મુશ્કેલી વેઠી રહયા છે. સદર મુદ્દામાલ મોબાઈલ અરજદારને સોંપવાનો હુકમ કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે. જેથી સદર મુદ્દામાલ મોબાઈલ અરજદારને પરત સોંપવા રજુઆત કરેલી છે.

(૩) જયારે સામે પક્ષે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર રહેલા છે. તેઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, મુદામાલ મોબાઈલ ગંભીર પ્રકારના ગુન્હાના

કામે કબજે કરવામાં આવેલ છે. મહત્વનો મુદ્દામાલ આર્ટીકલ છે અને એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે. જો અરજદારને મુદામાલ મોબાઈલ પરત આપવામાં આવે તો સદર ગુન્હાના કામે મહત્વના પુરાવા સાથે ચેડા થવાની સં ભાવના રહેલી છે. તેમજ ફરી આ પ્રકારના ગુન્હામાં ઉપયોગમાં લે તેવી સંભાવના રહેલી છે. આ સંજોગોમાં અરજદારની મુદામાલ પરત મેળવવાની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજીની હકીકતો વંચાણે અને ધ્યાને લીધી. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આ કામે અરજદાર તરફે આંક-૩ ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ બિલ ધ્યાને લેવામાં આવે તો આ કામે અરજદાર ધ્વારા કલેઈમ કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ મોબાઈલ અરજદારની માલિકીનો હોવાનું જણાઈ આવે છે. પરંતુ, હાલની અરજીના સંદર્ભમાં આ કામે આંક-૪ થી રજુ કરવામાં આવેલ પોલીસ અભિપ્રાય વંચાણે લેવામાં આવે તો, સદરહું મુદ્દામાલ મોબાઈલમાં સદર ગુન્હાના કામના આરોપીએ ભોગ બનનારના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી ગુન્હો કરવામાં ઉપયોગ કરેલ હોય અને આરોપીએ ગુન્હો દાખલ થતાં પોતાની પાસે રહેલ ફોનમાંથી ફોટા ડીલીટ કરી નાખેલ હોય, જેની તપાસના કામે જરુરીયાત હોય, જેથી મોબાઈલ ફોનમાં ડેટા રીકવર કરવા સારુ એફ.એસ.એલ. પરીક્ષણ થવા સારુ ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને તેથી સદરહું મોબાઈલ અરજદારને પરત નહીં સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. આમ, સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૫૦૩૭૯/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ.ની કલમ ૭૨(૧), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૨, ૬૪(૨)(એફ), ૬૪(૨)(આઈ) તથા પોકસો એકટ કલમ ૪, ૬ (સ્પે. (પોકસો) કેસ નં.૮૭/૨૦૨૫) મુજબના ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોટોરોલા એઈઝ ૫૦

મોબાઈલનો આરોપી ધ્વારા ગુન્હાના કામે ઉપયોગ થયેલ હોવાનું પ્રથમદર્શનીય જણાઈ છે અને મોબાઈલ ફોનમાં ડેટા રીકવર કરવા સારુ એફ.એસ.એલ. પરીક્ષણ થવા સારુ ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે. એ સંજોગોમાં મુદ્દામાલ મોબાઈલ એ મહત્વનો પુરાવો છે અને જો તે અરજદારને પરત સોંપવામાં આવે તો મોબાઈલ સાથે ચેડા થાય તેવી પુરેપુરી શકયતા રહેલી હોવાનું જણાઈ આવે છે. આ સંજોગોમાં, અરજદારને મુદ્દામાલ પરત આપવો ન્યાયોચિત જણાઈ આવતુ નથી. જેથી અરજદારની અરજી મંજુર થવાપાત્ર ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદારની મુદ્દામાલ મોબાઈલ પરત મેળવવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તારીખ–૯'મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

ભાવનગર.
તા.૦૯/૦૪/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik